# અ-મન તડપત

— Master
SHRI GOR

શ્રી ગોર

સંકલન :

કાંતીભાઈ દસાડીયા

અશોક ઉપાધ્યાય

પ્રકાશક :

કિંમત રૂા. ૧૧-૦૦

પ્રકાશક :

કે. કે. અઘારા

શ્રી ૐ શાંતિ આશ્રમ

માટેલ રોડ.

મોરબી

## * પ્રસ્તાવના *

NO COMMENT

–સંકલનકર્તા

ધર્મ અને અધ્યાત્મનાં નામે મોટે ભાગે આપણે આપણી પીડા ભુલવા માંગીએ છીએ પણ પીડાનો ઉપાય એ ધર્મ નથી, પીડાથી છુટવા આપણે તર્ક, બુધ્ધિ, શક્તિ વિજ્ઞાન વગેરે ઘણા સાધનોથી પ્રયત્ન કર્યો છે અને એમાં મળેલી નિષ્ફળતાથી ધર્મ તરફ વળ્યા છીએ.

ધર્મ જગતની સમજણ આપે છે, અને એ સમજણથી એક રીતે માણસ જગતથી અલગ પડે છે, અને એટલી રીતે પીડાથી અલગ પડે છે. પરંતુ ધર્મ બધી જ જાતની પીડામાંથી મૂક્તિનું વચન આપી શકે નહીં.

ધર્મ સામુહીક ન હોઇ શકે. ધર્મ વ્યક્તિગત છે.

ધર્મનું વિરોધી કાંઇ નથી.

કાં તો તમે ધર્મમાં છો ને કાં નથી અધર્મ શબ્દ જ મનની ચાલબાજી છે.

જે તમારા માટે ધર્મ હોય તે બીજા માટે ધર્મ ન પણ હોઇ શકે.

મન ધર્મને સમજવા મથે ત્યારે સંપ્રદાય જન્મે.

ધર્મ એ તર્ક નથી-જીવન જીવવાની શૈલી છે.

ધર્મ સંસાર અને પરમાત્મા બંનેને સમાવી લે એટલો વિશાળ વિશાળ અને બંનેથી પર એટલો નાજુક છે.

卐

આજે

ધર્મની અભિવ્યક્તિ

મનથી થાય છે

આથી

ધર્મને મન સાથે અને

મનને ધર્મ સાથે

સંબંધીત ગણી લેવાની

ભુલ થઇ જાય છે.

卐

જે રીતનો વ્યવહાર આપણે વસ્તુ સાથે કરીએ છીએ એ જ જાતનો વ્યવહાર વ્યક્તિ-સજીવ સાથે કરીએ છીએ.

આથી પીડા, દુઃખ જન્મે છે

આથી પીડા દુર કરવા આપણે ધર્મમાં પડીએ છીએ પણ ત્યાંય પણ વ્યવહાર આ જાતનો જ રહે છે.

સાધના એટલે અજ્ઞાનમાંથી, મુર્છામાંથી શક્તિ-આનંદ-લેવાનું બંધ કરવું તે

સાધના એટલે આત્માને આપણમાં પ્રવેશવા દેવા, અજ્ઞાતને આપણામાં પ્રવેશવા દેવા અજ્ઞાતને આપણામાં ઉતરવા દેવા આપણી જતને સતત ખુલ્લી રાખવી તે...

સાધના એવડી રીતે કામ કરે છે. અંદરથી કશુંક થાય છે એને તમે થવા દો છો અને બહારથી એને અનુકૂળ બનવા કોશીશ પણ કરો છો.

સાધના એટલે એ સ્પસ્ટ દેખાવું કે હું મુળથી એકલો પણ અજ્ઞાન છું અને તેથી પીડાઉ છું.

સાધના એટલે પીડાથી બચવા ઉભા કરેલા સાધનો છોડી દેવા તે.

ૐ

૫

જીવવું એ જ જીવનની પાર જવાનો એક માત્ર રસ્તો છે.

卐

નાશવંતને જીવીને સાશ્વતને પમાય છે. આપણે અમીબાથી આદમ બન્યા તે જીવીને.... જીવી જીવીને... ભરપુર ને પળેપળ ...

卐

જીવીને આમ જ મહામાનવ પણ બનાય

卐

ભરપુર રીતે જીવતા જીવતા નિષ્ફળ જવાય તોય સફળતા છે, હારી જવાય તો ય જીત છે.

0—0

સનાતન જીવન આપણુ મુળ છે,

અને ધ્યેય પણ,

શરૂઆત પણ

અને અંત પણ

અને બંને થી પર પણ...

卐

આ જીવનમાં ડુબકી મારવી એ જ મોક્ષ....એ જ સત્ય

આ જીવન સૌ માટે છે.

卐

આ સનાતન જીવનને કોઇ રૂપ નથી....કોઇ આકાર નથી.

આપણે દરેકે એ ફરી જીવનમાં ઉતરવા દેવાનું છે.

卐

અજ્ઞાન છે એવી પ્રતિતિ થવી એ માનવ બન્યાનું લક્ષણ

અજ્ઞાન છે એ આપણી અંદર છે એવી પ્રતિતિ થવી એ સાધક બન્યાનું લક્ષણ

અજ્ઞાન છે એ ભ્રમ છે એવી પ્રતિતી થવી એ સિદ્ધ બન્યાનું લક્ષણ

卐

જ્યારે આપણે જીવવાનું ભુલી જઇએ ત્યારે બધા પ્રશ્નો ઉભા થાય છે. અને ફરી જીવવાનુ ન શીખીએ ત્યાં સુધી આ પ્રશ્નો કુંડાળા કર્યા જ કરે છે.

WHEN WE FORGET TO LIVE, ALL PROBLEMS ARISE AND THEY WILL CIRCULATE UNTILL AND UNLESS WE AGAIN LEARN TO LIVE.

જીવવું એ ધ્યાન જ છે.

જીવવું એટલે સ્વીકારવું.

અરે મનની મુખાંમી ભરી સતત શેક ટોકનો પણ પ્રેમપૂર્વક સ્વીકાર

આવો સ્વીકાર આપણને બદલાવી નાખે છે.

મારી પાસે ધર્મમાં મથતા ઘણા સાધક આવે છે. મને કંઇક કહેવાનું કહે છે. હું પુછું છું- કાંઇ પ્રશ્ન છે ? જવાબ 'ના' માં આવે છે.

તમે પ્રબુધ્ધ ન હો, અને છતાં તમને કોઇ પ્રશ્ન ન હોય, તો તમે સાધક નથી.

卐

મોટા ભાગના સાધકો નક્કર સત્ય શોધે છે.

એક સાધક આર્થીક લાભની પૂર્વ શરતથી સાધના કરતો હતો સ્વાભાવિક હાલ, તે નાસ્તિક છે.

સત્ય કદિ પણ નક્કર હોતું નથી નક્કર હોય તે સત્ય હોતું નથી સત્ય તરલ છે.

હકિકતે તરલથી પણ તરલ છે.

ૐ

૯

કેટલાક સાધકો આજે આવ્યા છે. તેઓ કહે છે, "અમારે સ્વાર્થી રહીને પ્રબુદ્ધ થવું છે"

આ અશક્ય છે.

卐

સાધકો પુસ્તકમાં જ્ઞાન ખોળે છે.

જ્ઞાન તો

પ્રેમ અને સેવાની નિપજ છે,

પ્રેમ અને સેવા વહેવડાવો,

જ્ઞાનના ફુલ ખીલશે.

જ્ઞાન હૃદયમાં જન્મે છે.

ૐ

આત્મા જ સાધક છે.

આત્મા જ સાધ્ય છે.

શરીર, હૃદય અને મન સાધન છે,

સાધન મિત્ર પણ બની શકે,

—શત્રુ પણ,

—અને તટસ્થ પણ

卐

સાધનાની કોઇ પણ વિધિ સાધકથી વધુ મહત્વની કદિ હોઇ શકે જ નહીં.

આમ, હરેક વિધિ નિષ્ફળ બનાવી શકાય છે.

卐

અહમને આપણે કાંઇક તો ઓળખીએ છીએ.

ઘણો ઘવાય છે,

એ આપણને સમજાય છે.

અહમ ફુલાય છે

એ ય આપણને સમજાય છે.

પણ

અહમ બાષ્પીભવન થાય

એ સમજાતું નથી.

અહમ ને ય અંત છે. એ સ્વીકારવું એ સાધનાનું

પ્રથમ ચરણ.

卐

તમે સાધક છો એમ કહો છો.

આ સાધક કોણ છે ?

મન ?

શરીર ?

હૃદય..... ?

સાધક આત્મા છે.

જે સાધ્ય છે તે પણ આત્મા છે.

સાધક ને સાધ્ય એક જ છે.

જ્યારે

મન સાધક બનવા જાય છે

ત્યારે

દંભ જન્મે છે.

આત્માને ચાખ્યા વિના આત્મા માટે તમે કશું કિંમતી કરી શકો નહીં.

કાં તમે સાધક હો છો કાં નથી હોતા. તમે સાધક હો ત્યારે સંસારી નથી હોતા અને સંસારી હો ત્યારે સાધક નથી હોતા.

# ૧૩

મન એટલે

વધુ. હજી, વધુ. હજી થોડુંક...

મન ત્યાગ-સમર્પણ કરી શકે નહીં.

મન જે કાંઇ કરે તે વેપાર જ હોય.

મન એટલે

ઓળખવું, ઓળખી કાઢવું, નામ આપવું ..

આ જ્ઞાનની ભુખ નથી.

જ્ઞાનની ભુખ હૃદયમાં જન્મે છે.

卐

વિચારને

લાગણીને....

પોતાના ગણવા

એ જ મોહ છે.

વિચાર અને લાગણીને

પોતાના ન ગણવા

એ જ ત્યાગ છે.

લાગણી એટલે જડ થઇ ગયેલો

વિચાર

વિચાર એટલે ઓગળતી લાગણી.

卐

૧૫

જ્યારે કશુંક

ન સમજાય એવું

બને છે...

ત્યારે કશુંક નવું જન્મે છે.

ન સમજાય એવું

બનવું

એ

સાધનાનું સૂચક છે.

ન સમજાય એવું

ઘટવું

એ

પીડા છે

પીડા પ્રજ્ઞા જન્માવે છે.

ૐ

સુખ માટે પ્રયત્ન થાય છે.

ઘણા માટે સુખ એટલે સગવડતા.

ઘણા બધા માટે સુખ એટલે અનુકૂળ સંવેદના.

કોઇક માટે સુખ એટલે મોક્ષ

સુખ પ્રયત્નથી મળતું નથી.

સુખ પાછળ દોડવાથી સુખ મળતુ નથી.

નિર્ભેળ સુખ જેવું કશું છે જ નહીં.

મન સતત સુખ ઝંખ્યા કરે છે.

શરીરની ભૂમિકા એ સુખ ન હોઇ શકે.

સુખ અને દુઃખ ફળ છે.

અનિત્ય છે.

દુખ + ધ્યાન = તપ

સુખ + ધ્યાન = પ્રેમ

તપ અને પ્રેમ મોક્ષના દરવાજા છે.

卐

૧૭

મુક્ત થવું સહેલું છે.

મુક્ત ન થવું બહુ અઘરૂં છે.

બેટસમેન ને

આઉટ ન થવા માટે ઘણા કૌશલ્યની

જરૂર પડે

પણ આઉટ થવા માટે ?

માત્ર આઉટ થવાની ઇચ્છા પૂરતી છે.

卐

આજનાં પ્રબુદ્ધ પાસેથી પૌરાણીક ઋષિ જેવા વર્તન અભિવ્યક્તિની અપેક્ષા રાખવી એ મુર્ખામી છે.

આવી અપેક્ષા સંતોષનારા સંત દંભી છે.

આજે બધુંય ઝડપથી બદલાઇ રહ્યું છે.

આજનો ગુરૂ શિષ્યને પગે લાગશે.

ગુરૂ શિષ્યને ધન-દોલત છોડવાનું નહી કહે

-ઉલટું શિષ્યની આર્થિક વ્યવસ્થા ગોઠવી આપશે.

ગુરૂ શિષ્યને કુટુંબ છોડી દેવાનું નહીં કહે,

-ઉલટું ગુરૂ પોતે કુટુંબનો સભ્ય બની જશે.

ૐ

પ્રબુદ્ધ ચેતના

પાસે

જવું

એ પણ

ભાગેડું-વૃત્તિ છે.

卐

નાનપણમાં

મને

એક જૈને કહેલું :

ઇશ્વર મુરખો નથી.

આટલામાં એણે મને બધું જ કહી દીધું.

卐

IT MAY SEEM TO YOU THE PRIME QUESTION
એવું લાગે છે કે તમારો મુખ્ય પ્રશ્ન છે

WHETHER I AM AN ENLIGHTENED ONE OR NOT,
કે હું (સંબુદ્ધ) એનલાઈટેન્ડ છું કે નહીં

BUT IT IS NOT પણ તેવું નથી.

ONLY TRUE QUESTION IS ANSWERED FRUELY.
ફક્ત ખરા પ્રશ્નના જવાબ જ ખરી રીતે આપી શકાય છે

THE PROBLEM IS : મુખ્ય સમસ્યા એ છે કે

HOW TO BE WITA AN ENLIGHTENED ONE ?
કોઈ આત્મજ્ઞાની સાથે કેવી રીતે રહેવું ?

ONE BEHAVES WITH BUDDHA, AS LIKE ONE.
(તમે) બુદ્ધ પાસે, તમારી જાત જેવ

BEHAVES WITH ONE'S SOUL.
સાથે જેવું વર્તન કરતા હો, તેવું જ કરવાનું હોય

RELIGION IS NOT.

TO GIVE US

SWEET FRUITS IN FUTURE

BUT TO BE RELIGIOUS

IS SO SWEET.

......SO SWEET

......SO TENDER

THAT

THIS RESULT-ORIENTED MIND

IS WIPED AWAY

ॐ

આકાર

FORM IS LIMIT. રૂપ મર્યાદિત

FORMLESSNESS IS LIMITLESS. અરૂપતા અમર્યાદિત છે

GOD TWINKLES TO US THROUGH SO MANY

પરમાત્મા આપણી સામે કેટલા બધા

FORMS AND IT IS SUCH A MIRACLE ..!....

રૂપો દ્વારા પ્રગટ થાય છે અને તે

ખરેખર એક ચમત્કાર છે

....BUT TUNED TO FORM, WE SEE ONLY FORMS

પણ આપણે રૂપ પ્રત્યે ટેવાયેલા હોઈ

THUS. WE INSULT I'T. આપણે માત્ર રૂપ (ઓળખો)

જ જોઈએ છીએ

ALL THE RELIGION ARE BUT THE INSULT

બધા ધર્મો તેનાં અપમાન

OF IT.

કરે છે.

卐

# ....વ્યાખ્યાઓ....

RELIGION IS THE ART AND SCIENCE TO PROMOTE THE NATURAL DEVELOPEMENT OF A BEING.

GOD MEANS THE ULTIMATE FLOWERING OF A BEING.

KNOWLEDGE MEANS TO KNOW DIRECTLY WITHOUT ANY MEANS OR VIA.

THE VERY WANT OF LOVE CREATES THIS MIND, SO THROUGH MIND LOVE CAN NOT BE REFLECTED.

SEX MEANS THE ROW MATERIAL FOR THE

આપણા અસ્તિત્વ ના વિકાસ માટે ના કાચો

DEVBLOPMENT OF BEING.

માલ એટલે સેક્સ.

卐

MIND MEANS SELF ENTITY.

પૈસા એટલે 卐 મનના મૂર્ખાઈ નું પ્રત્યક્ષ દેખાતો સાબિતી

MONEY MEANS THE OPPEARANT PROOF OF

MIND'S FOLLY.

卐

બુદ્ધિ એટલે વિચાર ના યાંત્રિકતા જોવી

INTELLIGENCE MEANS TO SEE THE MECHAN-

SM OF THOUGHT.

卐

પ્રામાણિકતા એટલે પોતાના મન સાથે ની પ્રામાણિકતા

HONESTY MEANS HONESTY TOWARDS SELF.

ૐ

સેવા એટલે મન સાથે સંબંધ વિના

SERVICE MEANS IRRELAVANT TO MIND.

卐

TRUTH IS NOT DBFINABLE.

સત્ય અવ્યાખ્યેય (વ્યાખ્યા ન કરી શકાય)

# ....ચીકી સીંગલ્સ....

VIRTUE IS PRIVATE

卐

PAY AND SUFFER

卐

JUSTICE IS A POOR SUBSITUTE OF LOVE.

卐

NEVER BLAME SOCIETY.

卐

BODY IS TO KEEP GOOD TO FORGET IT

卐

MIND NOT MIND

卐

MIND IS MYSELF — મન એટલે મારો પોતાનો ભાવ.

ॐ

DEATH IS HERE મૃત્યુ અહીં છે

卐

TEMPLE Is EGO મંદિર તે અહમ છે

卐

SNORE……OR MEDITATE ઘસઘસાટ ઊંઘો અથવા ધ્યાન કરો

卐

BE FRIvIAL નાનકડા બનો

卐

SEEKER LOSES સાધક ગુમાવે છે

卐

LUST IS EGO મોહ એટલે અહમ

卐

MOTHER THE EGO IT SELF અહમ ની જનની (અહમ) પોતે જ છે

NOTHING IS KNOWABLE કંઈપણ જાણી શકાય એવું નથી

EXPERIENCE BINDS અનુભવો બાંધે છે

ENERGY FOLLOWS MEDITATION ઉર્જા ધ્યાનને અનુસરે છે

BE LONELY–FIND ALONENESS
એકલા બનો. એકલતા શોધો

પવિત્રતા એ ખાલીપો છે
SACREDNESS IS VOID

卐

NATURE REVOLVES પ્રકૃતિ પરિભ્રમણ પામે છે

NOTHING IS YOU કંઈ નહીં એ તમે છો.

卐

FEEL THE THOUGHT.

MEDITATION ITSELF SPEAKS,

NOTHING IS YOU.

THE NEAREST IS BY-PASSED.

GOD IS MERCIFUL

ALM THOUGHT TO VOID

FORGET GITA-BE KRISHNA

LOVE — પ્રેમ એ એવો માર્ગ

IS — વિહોણો પ્રદેશ છે, (જ્યાં) જ્યાં તમામ સરનામે

SUCH A PATHLESS LAND — પહોંચી શકાય

WHERE CAN BE REACHED BY– — છે.

–EVERY PATA

ॐ

–EVERY RELIGION, — હરેક ધર્મ દ્વારા

卐

–EVERY SECT, — હરેક પંથ થી

卐

–EVERY ACT — હરેક પ્રવૃત્તિ થી

卐

–EVERY DEED — હરેક ક્રિયા અને

AND — અપક્રિયા થી (પણ)

EVERY MIS-DEED.... . ...

卐

૩૦

# પત્રો

ગની,

આપણે પ્રબુદ્ધ આત્માને મહાન ગણીએ છીએ. આ આપણું અજ્ઞાન છે. પ્રબુદ્ધનું અપમાન પણ. પ્રબુદ્ધ મહાન નથી હોતો. મહાનતા અહમ સાથે જોડાયેલ છે.

પ્રબુદ્ધ તો બસ મટી ગયો હોય છે. શુન્ય...મહાશુન્ય.... ખાલીપો. એનો માંહ્યલો મરી ગયો હોય છે. જ્યાંથી ઇચ્છા ને એષણા જન્મે છે એ કેન્દ્ર જ પાકીને ખરી ગયુ હોય છે.

તે બધી વ્યાખ્યાથી પર છે. તે મનને કદિ ન સમજાય એવો કોયડો છે. તે જ્વાળામુખી છે, આગ છે, તુફાન છે...

તા. ૨૯-૭-૮૮
ગુરૂ પૂર્ણિમા

GOR

卐

અશોક,

જીવનમાં કોઇપણ વ્યકિત પોતાની જે તે વાસ્તવિકતાને સંપૂર્ણપણે શા માટે સ્વીકારી શકતો નથી ? બાહ્ય કારણો ઘણા બધા હોય પણ આંતરિક ?

આવો પ્રશ્ન તે લખેલો, જેનો જવાબ મોડે મોડે હવે આપું છુ :

...વ્યકિત સ્વીકારતો નથી કારણ કે વાસ્તવિકતા એ અંત નથી. શરૂઆત છે. વાસ્તવિકતા એ સત્ય નથી. વાસ્તવિકતા માટે અંગ્રેજી શબ્દ "સોલીડીટી યોગ્ય છે.

જીવન સોલીડીટી પર પુરૂં નથી થઇ જતુ. વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો હોત તો આજે આપણે બધા અમીબા હોત ! વાસ્તવિકતા તો લગરીક છે-POTENTIAL અગાધ છે.

વાસ્તવિકતા પછી તરલતા આવે છે...LIQUIDITY....આપણે થોડા ઘણા તો તરલ હોઇશું જ આ તરલતાને વિકસાવવાની છે. તરલતાનું ક્ષેત્ર પણ વિશાળ છે પણ એ ય અંત નથી. એની નીચે વળી........

ઉચ્ચ ભૂમિકાએ વાસ્તવ ઘટતું જાય છે, સત્ય વધતુ જાય છે

આપણો ઉછેર એવો થયો છે કે વાસ્તવને આપણે સત્ય કહીએ છીએ. મૃત્યુ વાસ્તવ છે. મોક્ષ સત્ય. ભૌતિક સ્તરે વાસ્તવ અને સત્ય લગભગ એક હોય છે પણ પછી નથી. મન વાસ્તવિક છે ? પ્રેમ વાસ્તવિક છે ?

માણસ શરીર માત્ર નથી એટલે વાસ્તવિકતાને સ્વીકારતો નથી.

આશીષ GOR

વ્હાલા બાબા,

બાબાનો અર્થ બાળક થાય ને સાધુ પણ. તુ ખરા અર્થમાં બાબો બને એવા આશિષ.

તારો પત્ર મળ્યો. કાંઇ પ્રશ્ન નથી તો સારૂ છે.

કશુક સર્જનાત્મક પણ કરતો રહેજે લાયબ્રેરીમાં વાંચવાની ટેવ પાડજે. પુસ્તકથી સારો મિત્ર હજી જન્મ્યો નથી.

માણસ ઇંડા જેવો છે ઇંડાને સેવીએ નહી તો બગડી જાય. ઇંડાને સેવવા મથવું એમાં જ જીવનનુ સાફલ્ય.

તારી આસપાસ જે કાંઇ છે એ તારાજ પ્રતિબીંબો છે એ તને છોડવામાં પણ મદદરૂપ થશે ને સુધારવામાં પણ. તારી ઉંમર નાની છે અને મન સાફ છે એટલે અત્યારે મથીશ તો સહેલુ છે. બાકી પછી તો ભાઇ બહુ મોટી જંજાળ છે હો !

આશિષ

GOR

૪-૧૦-૮૮

卐

કોકો,

This body is aching dangerously, Thousands of snakes bite the every cell of body. There is nothing Which is NOT Suffering and yet I only witness. Constantly I forget that this body is mine. I Can't keep myself in body or NOW in mind.

I'm becoming more and more the slave of eternal. For me, to be enlightened means not to be free.. only ignorants are free....I have to let to be used by 'THAT'.

Onee, you drink the water of that picns 'Gange' you Can't keep your mouth Shut, you cry. you cry to help you disappoint but then again you cry. you cry every moment and no one hears ! That cry is BRAHM-AND- the voice of initial rain falling......

If this body helps, I may Come to you.

GOR

5-5-88

卐

દહીંસરા/૯-૮-૮૭

જગદિશ,

ઉગાડવું હોય તો ખેતર ખાલી જોઇએ.

પીડા નામની નદી વહેતી થાય છે સાધકમાં ઓગળવા. જે સાધક પીડાને પોતામાં ઓગળવા દેવા રાજી થાય છે એ પીડાની વાતો સાંભળે છે અને પીડાની આ વાતો પીડામાંથી મુક્ત કરી દે છે.

તમારા બધા આનંદ, બધી કલ્પના અને બધા વિચારોને તોડી-ફોડી નાખવામાં આવશે જેથી પીડા જન્મી શકે. ભાગવાનું તો થવાનુ જ.. સૌ કોઇ ભાગે છે શુન્યથી....પણ ભાગ તો પુરી તાકાતથી ભાગજે (જેથી ભાગી ન શકાય !)

-ગોરના પ્રણામ

卐

ડૉકટર,

માણસ માત્ર ચાર માટે મુળભૂત રીતે ઝંખે છે : ધર્મ-અર્થ-કામ અને મોક્ષ.

આમાં અર્થ અને કામ પૂર્વના કર્મના ફળ રૂપે આવે છે. આ માટે તમે મહેનત કરો યા ન કરો. એ કર્મ પ્રમાણે મળવાનું છે. આપણે કાંઇ કરી શકવાના નથી.

પણ, બીજા બે, ધર્મ અને મોક્ષ એ પુરૂષાર્થથી મળે છે. એ માટે જેટલી મહેનત કરશો, એટલા મેળવશો

મને મળવા ખાતર જ અતિ હેરાન ન થશો. પુનમ-શરદ માટે ખાવાનું લઇ જાવ, કોઇ ગરીબ-ગુરબા તમારી પાસે હાથ લાંબો કરે એને કાંઇક આપો, તો ધર્મ વધારે થશે.

કયારેક ભાઇ-ભાડુંની કાંઇક ભૂલ હોય-ને-ગુસ્સો ચડતો હોય,-ત્યાં-મનથી માફ કરી ગમ ખાઇ જાવ, કયારેક બાળક કપ-રકાબી ફોડી નાખે તો હસી દયો, કયારેક ઘરડાના દિલની વાતો સાંભળો, કયારેક એકાંતમાં ફરવા જાઓ, કયારેક રડી દયો, કયારેક ફુલને ચુમી લો, કયારેક પરત્માનો આભાર માનો-અહોભાવ વહેવા દો, (કયારેક મને માફ કરી દો !)

આ બધુયે અને આવું કેટલુંયે તમારા માટે ધર્મ છે. ગોરને મળવું એ જ માત્ર ધર્મ નથી (કદાચ એ અધર્મ પણ હોય !

કોઇને બહારથી શા માટે માપવા.... એ કોઇ અવધુત પણ હોઇ શકે... એવાના આશીર્વાદથી તો મનખો સુધરે...

આ બધુંય થાય એટલું-ગજા પ્રમાણે-કરવું જીવ પર આવીને ન મથવું ધર્મ થાય એટલો કરવો ને કરીને ભુલી જવો. નહીં તો રીએકશન આવે.

પ્રણામ

GOR

૨૨-૩ ૮૮

GOR

મની,

(સુ નગર)

શ્વાસ લેવાય મુકાય એના જેવી સ્વાભાવિક છે સાધના.

ધર્મ અને સાધનાના નામે ઘણું યે ખોટું ચાલ્યું આવે છે ને ચાલશે પણ તોયે એના શુદ્ધતમ રૂપે સાધના જેવું સ્વાદિષ્ટ કોઈ નથી.

અરે, મને કહેવા દો, એના નીચામાં નીચા સ્વરૂપે પણ સાધનાથી ઉત્તમ કશુ નથી. (કદાચ પ્રબુદ્ધતા પણ !)

હોળી ૪-૩ ૮૮ ખરેડા ભોજન માટે પધારજે.

GOR

5-5-88

卐

DEAR ASHOK,

દરેક વ્યકિત સ્વયંને કશાક ખાસ અર્થમાં વિશિષ્ટ માનતો હોય છે. તે હોય પણ છે. આ વિશિષ્ટ તત્વ તે આત્મા ?

આ તારો છેલ્લો પ્રશ્ન હતો.

આ વિશિષ્ટ તત્વ તે Ego મન... દરેકનુ કોમન તત્વ તે આત્મા )

વિશિષ્ટ શબ્દની ઉત્પતિ મને ખબર નથી પણ એમાં જુદુ પડવું/પાડવું એવો ભાવ મુળ હશે. મન જન્મે છે એટલે હું જન્મે છે. આ હું સાચી–ખોટી, સીધી-સાદી અને ગુંચવણભરી અનેક પૃથકરણની પ્રક્રિયામાં પસાર થતા થતા પોતાને અલગ તારવ્યે જાય છે અને એ રીતે જે-તે થી 'વિશિષ્ટ બને છે. એક બીજો શબ્દ છે: વિકૃત સુધારકવાદી ન બનીએ તો બંને એક જ છે.

મનનું માળખું જ એવું છે કે એ પૃથકરણ Analysis ની પ્રક્રિયાથી વિકસે છે અને એ રીતે વિશિષ્ટ બનતું જાય છે. આપણે મનને 'હું' ગણીએ છીએ એટલે આપણને 'વિશિષ્ટ ગણીએ છીએ.

વિશિષ્ટ બનતું જતું મન એક ખાસ ઉંચાઇએ પહોંચે તો અને ત્યારે પોતે પોતાની આ વિશિષ્ટતાને ઓગાળે છે. આમ કરતા, વિશિષ્ટતા ઓગળી જાય પુરેપુરી તો ય એક શુન્ય બચે છે. તે દરેકમાં હોય છે. એને આત્મા કહે છે અ-મન.

આમ, વિશિષ્ટતા એ શરૂઆત પણ નથી તેમ અંત પણ નથી. માણસે પૂરી રીતે વિશિષ્ટ બની વિશિષ્ટ મટી જવાનું હોય છે.

આપણે પ્રબુદ્ધને પણ વિશિષ્ટ ગણીએ છીએ. પ્રબુદ્ધ વિશિષ્ટ મટી ગયો હોય છે.

આશિષ

GOR

૧-૧૨-૮૮

卐

પ્રિય સખે દરશનજી,

પ્રણામ,

હમણાં ઘણું બને છે. બનવાનું વર્ણન કરવું શકય નથી. પણ જે કાંઇ બને છે તેમાં તમે "મુખ્ય" હો છો !

ટુંક સમયમાં તમારા દ્વારા કાંઇક મહાન કાર્ય થવાનું છે. તમારી અંદર કશુંક નવીન ઉતરી રહ્યું છે. એ કાંઇક કરાવશે. એને દખલ ન કરતા-થવા દેશો.

કદાચ તમો પણ આની અનુભૂતિ કરતા હો !

શ્રધ્ધા અને ધીરજ રાખશો. ખાસ તો તમારી અનુભૂતિ સૌથી ગુપ્ત રાખવી.

હમણા તમે ખુબ ખુબ ખુબ ધીરજ રાખશો.

નમસ્કાર

પ્રેરના આશિષ
6-4-88

卐

૪૧

DEAR JAGA,

પ્રણામ,

માણસ ગમતાને-અનુકૂળને ઝંખે છે અને અનુકૂળ મેળવવા પ્રત્યેક ક્ષણ મથે છે અને મેળવે પણ છે. ધર્મ, સત્ય અને જ્ઞાન એ માણસને અનુકૂળ હોત તો તો માણસે એને ક્યારનુંય મેળવી લીધું હોત ! પણ જ્ઞાન, ધર્મ કે મોક્ષ જે કહો તે-માણસને, માણસનાં મનને, અનુકુળ નથી. ઉલટું એનાં વિરોધમાં છે ! આમ છે, છતાં અમુક મરજીવા એને મેળવવા મથે છે !!

આ જ રીતે, આત્માને જાણનારા પણ માણસને અનુકૂળ નથી. ગુરૂ પ્રેમ આપે, સાધકનાં આત્માને ચાહે એ બધુંય છતાં સાધકના મન માટે તો એ ખતરનાક જ છે. ગુરૂના આ 'ખતરનાક પણા'ની વેળાએ જ સાધકે ખાસ જાગતા રહેવાનું છે. આ વેળા કૃપા ઉતરવાની વેળા છે. પણ કમનશીબે (કે સદ્દનશીબે !) આ વખતે જ સાધક ભાગી જાય છે. કાં ઉંઘી જાય છે...કાં ઝઘડી પડે છે...

સાધક આ કુપાથી બચવાનાં બધાય ઉપાય કરી છૂટે છે. ગુરૂનાં ખતરનાકપણાને સ્વીકારનારા પળમાં પીર બની જાય છે અને બાકીના સતત બચતા રહે છે.

પરંતુ ગુરૂ જેની પાછળ પડે છે એ ઝાઝા દિ' બચી શકતો નથી. કાંઇક ધડાકા-ભડાકા કરી-કરાવીને ય એને જગાડવામાં આવે છે.

બસ ? GOR

卐

કાકા,

ગુરૂ-પૂર્ણિમા નિમિત્તે,

પ્રબુદ્ધ ચેતના એટલે સ્ત્રીત્વનો પૂર્ણ વિકાસ. સાધક પ્રબુદ્ધ પાસે રહે તો આ સુક્ષ્મ સ્ત્રીત્વ ચાખે તેમાં યે વિકસે....

સાધનામાં ઓછપ આવે ત્યારે સુક્ષ્મ સ્ત્રીત્વ મુંઝવે જે સાધકને સ્થળ સ્ત્રીત્વ ભણી લઇ જાય.

પણ સુક્ષ્મને ચાખેલુ હોઇ સ્થુળથી સંતોષ પામે નહીં. અને પીડાય.

ધન પણ સ્ત્રી-રૂપેણ છે-લક્ષ્મી !

રામકૃષ્ણ પરમહંસમાં આ સ્ત્રીત્વ સ્પષ્ટ હતું એટલે તેમની પાસે રહેતા સાધકો માટે એમણે સતત 'કામની-કાંચન'ની લાલબત્તી રાખવી પડેલી.

અન્ય મુદ્દા સહેલા છે-નહી ?

ગોરના આશિષ

卐

ડીયર ગની,

મન ચકરડું છે, ભમરડા છે, ગોળ-ગોળ ફર્યા કરે...

આ ફરતા મનની સામે જે કાંઇ આવે એને તે પ્રતિબિંબે પણ તે 'અસ્સલ' નથી. મન ફરે એટલે આ પ્રતિબિંબ પણ ફરે.

આપણે ભુલથી આ પ્રતિબિંબોને વળગીએ છીએ કાં ઝઘડયા કરીએ...કભી પ્યાર, કભી ગુસ્સા, કભી આંસુ ઔર કભી કભી........!

આ મનના ચકરડાને સમજવાનુ છે. એને પ્રેમથી હાથ ફેરવીએ તો એ એનું દિલ આપણી કને ખોલે અને પોતાનો ભાર હળવો કરે. એ પોતેય બીચારૂં કયાં સુખી છે તે તુ એને કબડાવશ, હે ?

જે સરે તે સંસાર....અહિં બધુંય સર્યા કરે પણ એ જે ધરી પર સરે છે એ આપણે પોતે અસ્સલ ! બાકી બધા ઉછીના-ઉધારા...!!

સાશ્વતની નદીને તું અહી તો આવ્યો છે પણ...હવે કુદી જ પડને, દોસ્ત !

...તારૂ લખેલું ઇન્ડલેન્ડ કવર મળ્યુ નથી. આશિષ

GOR

5-10-૬8

卐

અશોક,

MAARA 'SAEBA"

IN

PAAGHDIYE

LAAGYO

KOI JUDO RANG.......!!

-GOR

DEAR ASHOK,

એ થીયરી છે :

OR થીયરી અને AND થીયરી

OR થીયરી મનના વિકાસ માટે અતિ જરૂરી છે. તે પ્રથમ ચરણ છે. મન વિકાસનાં શરૂઆતના તબક્કે વિધ્વંસાત્મક BESTRUCTIVE હોય છે. આ 'વિધ્વંસતા' ને જીવીને તેનાથી પર થવાય એ માટે OR થીયરી જરૂરી છે. OR થીયરી ઘણી કંટાળા જનક, પીડાદાયક અને બીભત્સ છે તો પણ અનિવાર્ય છે

એ જીવાયા પછી, AND થીયરી શરૂ થાય. તે આનંદદાયી ઉત્સાહપ્રેરક, શાતાદાયી, શીવ, સુંદર છે.

OR થીયરી મનને વિકસાવે છે. AND થીયરી હૃદયને ઉઘાડે છે.

OR થીયરી જીવવી અનિવાર્ય હોવા છતાં એક તબક્કે એને છોડીને AND થીયરી સ્વીકારવી જોઇએ. OR થીયરી ન જીવવાથી માણસ નિર્જીવ રહી જાય છે તો OR થીયરી છુટી ગઇ હોય છતા પકડી રાખવાથી જીવનમાં તંગદીલી આવે છે.

તારા માટે OR થીયરીનો પીરીયડ પૂરો થયો છે અને AND થીયરીનો પીરીયડ શરૂ થઇ ગયો છે.

જ્યાં જ્યાં OR છે ત્યાં ત્યાં AND મુકી દે થોડાક દિવસ સાવધ રહી કરજે.

પેટનો દુખાવો ગોરે મટાડ્યો કે દવાથી કે દઢ મનોબળથી એમ નહીં પણ...પેટનો દુખાવો ગોરે મટાડ્યો અને દવાથી દઢ મનોબળથી ...ગોરનું માનવું કે પોતાને અંદર અનુસરવું.... એમ નહીં પણ ગોરનું માનવું અને પોતાને અંદર અનુસરવું... પરણવું કે કુંવારા રહેવું એમ નહીં પણ પરણવું અને કુંવારા રહેવું.

પ્રયત્ન કરીશ તો અઘરૂ નથી.

GOR
24–11–88

ખાસ : અન્ય કોઇને આ કરવા માટે
કહેવું નહી.

卐

પ્રેમ,

પત્ર વાંચીને પણ ફાડી શકાય-વાંચ્યા વગર પણ.

તુ પણ મારો પત્ર ફાડી શકીશ.

પણ......

પહેલા તું છાનું-છપનું વાંચી લઇશ.

પછી-

-વાંચીને વણ-વાંચ્યું કરવા મથીશ.

ૐ

તું તારા જ હાથે ફડાયેલા મારા કાગળને રોજેરોજ વાંચ્યા કરે છે-છાનુ-છપનું !!

અને રોજે રોજ વણ વાંચ્યું કરે છે.

ને-

હું તારા ટોડલે બેઠો બેઠો આ રોજે રોજ જોયા કરૂં છું.

卐

તું ક્યારેક તો કાગળ લખનારા પાસે દોડી આવીશ ને ?

જ્યારે લખનારો મળી જાય છે ત્યારે કાગળ ભુલાઇ જાય છે.

કદાચ ત્યારે જ......................

GOR

卐